મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૯૧ ટકા
ગાંધીનગર તાપમાન

સેકટર-૧૧ તલવલકર્સ જીમમાં ૨.૨૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં તસ્કરોનો તરખાટ વધી ગયો છે, રહેણાંક વિસ્તાર અને દુકાનોને નિશાન બનાવી ચુકેલા તસ્કરોએ સેકટર-૧૧ ખાતે જીમને ટાર્ગેટ કર્યું છે. જીમ બંધ થયાને માત્ર અડધો કલાકમાં જ તસ્કરો ત્રાટકયા હતા અને જીમમાં રહેલા લોકરમાંથી રૂ.૨.૨૦ લાખ લઈ રફુચક્કર થઈ ગયા હતા.સીસીટીવી ફુટેજમાં ન આવે તે માટે તસ્કરોએ કેમેરા પણ ફેરવી નાંખ્યા હતા અને જીમનું લોક ખોલીને અંદર પ્રવેશ્યા હતા. બનાવ અંગે પોલીસ ફરીયાદ કરવામાં આવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ સેકટર-૭ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

બનાવની મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૧ ખાતે હવેલી આર્કેડ ઈમારતના ત્રીજા માળે આવેલ તલવલકર્સ જીમના આસીસ્ટન્ટ બ્રાંચ મેનેજર કલ્પેશ તુલસીદાસ વાઘેલા ગુરુવારના રોજ રાત્રે નિયત સમયે જીમ બંધ કરીને ઘરે ગયા હતા. બીજા દિવસે સવારે ૬ વાગે ઓફિસ બોય પહોચ્યો હતો, ત્યારે જીમનો દરવાજો ખુલ્લો હતો. ઓફીસના કર્મચારીએ જાણ કરતા તાત્કાલીક જીમ પર પહોંચી ગયા હતા. કલ્પેશભાઈએ જોયુ તો ડાયરેકટર રૂમમાં કબાટ તુટેલી હાલતમાં હતુ અને તેની અંદર રહેલી ડિઝીટલ તિજોરીનું લોક પણ નુકશાની પહોંચેલું હતું.જયારે પાસે પડી રહેતી લોકની ચાવી પણ ગાયબ હતી. લોકરમાં પડેલા રૂ.૨.૨૦ લાખ રૂપીયા ગુમ હતા. ત્રણ વર્ષ થયા હોવાથી જીમમાં ફલોરીંગનું કામ કરાવવા માટે રૂપીયા લોકરમાં મુકી રાખ્યા હતા. સીસીટીવી ચેક કરતા ૨૫ થી ૩૦ વર્ષના ત્રણ શખ્સો દેખાયા હતા અને તે તમામે મોં પર રૂમાલ બાંધ્યો હતો. જેમાથી એક શખ્સે કેમેરા ફેરવી નાંખ્યા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે. જયારે બનાવ સ્થળથી ડોગ નીચે માર્ગ પાસે ગયો હતો અને ત્યાં અટકી ગયો હતો.

શહીદ વીર દિલીપસિંહ વિરસંગભા ડોડીયાનો શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

કરણી સેના, રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના અને હ્યુમન બીઈંગ ચેરીટેબલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા તા. ૨૮ જુલાઈના રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫ સર્કલની બાજુમાં ગાંધીનગર ખાતે શહીદ વીર દિલીપસિંહ વિરસંગભા ડોડીયાને શ્રધ્ધાંજલિ પાઠવવાનો કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ડૉ. સી.જે. ચાવડા, બલરાજસિંહ ચૌહાણ, રીટાબેન કે. પટેલ, નાજાભાઈ ઘાંઘર, મયંકસિંહ ચાવડા, મયુરસિંહ ચાવડા, બ્રિગેડીયર વિનોદ બાજયા, કે.એમ. યાદવ, શંકરસિંહ રાણા, કાનભા ગોહિલ (રજોડા), દશરથસિંહ વાઘેલા, ભૂપતસિંહ રાઠોડ, કનકસિંહ રાણા, ભવાનસિંહ મોરી, વિક્રમસિંહ ગોલ, અંબુસિંહ ગોલ, ફુલશંકર શાસ્ત્રીજી તથા બ્રહ્માકુમારી કૈલાસદીદી હાજર રહેશે.

રોજના 'અપડાઉનિયા' સહયાત્રીઓએ પરિવાર સાથે પ્રવાસની મોજ માણી

ગાંધીનગર, તા.૨૬

હિન્દી ફિલ્મોમાં 'હમ સફર', 'હમરાહી' જેવા શબ્દોનો ઉપયોગ લાગણીના તાંતણે બંધાયેલા પ્રેમીજનો માટે કરવામાં આવે છે પરંતુ આ શબ્દોનો સીધો સાદો અર્થ એ થાય છે કે 'સાથે મુસાફરી કરનાર' જેને ગુજરાતીમાં સહયાત્રી કહેવાય છે. આજના યુગમાં મોટા ભાગના માનવીને બે પૈસા રળવા માટે એક સ્થળેથી બીજા સ્થળે સતત આવન-જાવન કરવાની જરૂર પડે છે અને આ આવન-જાવન જેને અત્યારે 'અપ-ડાઉન'થી ઓળખવામાં આવે છે તે દરમિયાન દરરોજના સહયાત્રીઓ સાથે સ્નેહનો સંબંધ બંધાય તે સ્વાભાવિક છે.

ગાંધીનગરના 'ગ' માર્ગ પરના આવા જ 'અપ-ડાઉનિયા' મુસાફરોએ આ સંબંધ એટલો વિકસાવ્યો છે તેઓ પોતાના પરિવાર સાથે એકઠાં મળીને એક આખા દિવસનો પ્રવાસ પણ સાથે માણી આવ્યા. જેમાં તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને પોઈચાના સ્વામિનારાયણ મંદિર જેવા સ્થળોનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં સવારે આદિવાડા અમદાવાદની એસટી બસ સવારે ૯.૨૦ કલાકે આદિવાડાથી ઉપડે છે જે 'ગ' પરથી પસાર થાય છે. આ બસમાં સેકટર-૨૩, ૨૪, ૧૨, ૧૩, ૩, ૪ અને ૫ વગેરે સહિતના મુસાફરો જેમાં નિયમિત અપડાઉન કરનારા મુસાફરોનો સમાવેશ થાય છે. જેઓ અમદાવાદ જવા ઉપયોગ કરે છે. આ બસમાં છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત અમદાવાદ જતા મુસાફરોને એકબીજા સાથે દોસ્તીનો સંબંધ વિકસી ચુકયો છે અને ધીમે ધીમે આ સંબંધ પારિવારિક સંબંધમાં પણ પરિણમ્યો છે. આ મુસાફરોએ આમ તો છેલ્લા પાંચ વર્ષથી એક પ્રથા વિકસાવી છે જેમાં દર માસે એક દિવસ પરિવાર સાથે નજીકના કોઈ સ્થળે પિકનિક અથવા ધાર્મિક પ્રવાસ કરે છે. જો કે તાજેતરમાં આ મુસાફરોએ પહેલીવાર આખા દિવસનો એક લાંબો પ્રવાસ યોજયો હતો જેમાં ૧૫ જેટલાં પરિવારો જોડાયા હતા અને જેમાં ૪૫થી વધુ સભ્યોએ સાથે મળીને સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ તથા પોઈચા ખાતેના સુવિખ્યાત સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. પ્રવાસમાં તમામ મુસાફરોના પરિવારજનોએ એકબીજા સાથે હળી મળીને આનંદ-કિલ્લોલ કર્યો હતો અને પ્રવાસ દરમિયાન નાની-મોટી રમતોનો પણ આનંદ માણ્યો હતો. હવે આ મુસાફરોનો એક વિચાર એસટી બસમાં કથા યોજવાનો પણ છે જે કયારે યોજાશે તે તો આવનારો સમય જ કહેશે.

ગુજરાત રાજયના નવા રાજયપાલ મહોદય શ્રી આચાર્ય દેવવ્રતજીને પદ ગ્રહણ પર પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી શુભ વધાઈ આપવા બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના નવ નિયુક્ત ડાયરેકટર રાજયોગિની ભારતીદીદી, ગાંધીનગર સેવાકેન્દ્રના સંચાલિકા રાજયોગિની કૈલાશ દીદીજી, અમેરિકામાં ઈશ્વરીય સેવા કરી સીધા ગાંધીનગર પધારેલ બ્રહ્માકુમારીઝ, વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુના આંતરરાષ્ટ્રિય વક્તા રાજયોગિની ઉષાદીદીજી, સુખશાંતિ ભવન અમદાવાદના બી.કે.અમરબેન તથા ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. તારાબેનનું ગૃપ રાજભવન પહોંચેલ. રાજયપાલશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત અભિનંદન કરી શૉલ પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અવસરે એક વિશેષ અભિનંદન પત્ર- પ્લેટ તથા ઈશ્વરીય સાહિત્ય સૌગાત રૂપે આપવામાં આવ્યા હતા અને પ્રભુ પ્રસાદ 'ટોલી'' થી મુખ પણ મીઠુ કરાવવામાં આવ્યું હતું અને પરમપિતા શિવ પરમાત્મા તરફથી ઈશ્વરીય શક્તિ સભર આશીર્વાદ સહ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

પેથાપુરમાંથી પરોઠા હાઉસ ખાતે કામ કરતા બાળ મજુરને મુકત કરાયો

રોજના રૂ.૨૦૦ લેખે કામ કરતો હતો

ગાંધીનગર, તા.૨૬

પેથાપુર ચાર રસ્તા પાસે મધુર પાર્લર પાસે આવેલા પરોઠા હાઉસમાંથી એક બાળ મજૂરને બચાવી લેવાયો છે. રાજસ્થાનના ૧૨ વર્ષના બાળક પાસે રૂ.૨૦૦ ના દૈનિક વેતને સવારે ૮ થી રાત્રે ૯ વાગ્યા સુધી કામ કરાવવામાં આવતું હતું. જયારે બપોરે એક કલાક રીશેષ આપવામાં આવતી હતી, જયારે અઠવાડીયાની એક પણ રજા મળતી ન હતી. શ્રમ અધિકારીએ અશોક મોહનલાલ મોદી (ઉં.વ.-૫૨) ચાઈલ્ડ લાઈનના પ્રતિનિધી સાથે ૪ જુલાઈના રોજ રાઉન્ડમાં નીકળ્યા હતા. ત્યારે પેથાપુર ખાતે સિધ્ધેશ્વરી પરોઠા હાઉસ ખાતે એક બાળક મળી આવ્યું હતું. જેને પગલે બાળકને બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપીને પરાઠા હાઉસના માલિક પાંચાજી શંકરજી મીણાને બાળકના ઉંમરના પુરાવા રજુ કરવા માટે કહેવાયું હતું. ૧૫ દિવસમાં આરોપીએ કોઈ પુરાવા રજુ કર્યા ન હતા, બીજી તરફ બાળકનો કબ્જો લેવા માટે આવેલા વાલીએ રજુ કરેલા પુરાવામાં બાળકની ઉંમર ૧૨ વર્ષ જ હોવાનું જાણવા મળ્યું હતું. જેને પગલે આરોપી સામે બાળ અને કિશોર મજુર અધિકનિયમની કલમ-૩ ના ભંગ બદલ અધિનિયમની કલમ ૧૪ (૧) હેઠળ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

કારગીલ યુધ્ધના વીર શહીદોને વિજય ધ્વજ સલામી અપાઈ

કારગિલ વિજય દિવસની ઉજવણી અંતર્ગત એમએલએ કવાર્ટસ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે આજે કારગીલ યુધ્ધના વિજયને ૨૦ વર્ષ પુરા થતા કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં દેશના વીર શહીદોને યાદ કરી અને તેમને વિજય ધ્વજ સલામી આપવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજયના ૨૦થી વધુ ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોએ પક્ષ વિપક્ષથી ઉપર જઈ દેશ હિતને ધ્યાનમાં લઈ હાજરી આપી હતી અને કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી. યુવાનો દ્વારા આયોજન કરાયેલા આ કાર્યક્રમને ધારાસભ્યશ્રીઓએ બિરદાવ્યો હતો અને ભવિષ્યમાં પણ આવા કાર્ય કરવા આગળ આવવા યુવાનોને જણાવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, સ્ત્રીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

સે-૨૨માં એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ શોંપીગ સેન્ટર ખાતે આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. મળતી વિગત મુજબ આનંદપ્રકાશ ઈન્દ્રલાલ બબ્બર (ઉં.વ.૪૭ રહે.-ચાંદખેડા) સેકટર-૧૭ ખાતે આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડીયા શાખાના મેનેજર છે. જેમની શાખા દ્વારા સેકટર-૨૨ સહિતના ત્રણ એટીએમનું સંચાલન કરવામાં આવે છે.બુધવારના રોજ બપોરના સુમારે કેસલોડર કંપનીના માણસનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે એટીએમના આઉટર ગેટની અંદર રહેલા ઓટોમેટીક નંબર લોકને કોઈએ છેડછાડ કરી છે. જેને પગલે તેઓ તાત્કાલીક એટીએમ ખાતે પહોંચ્યા હતા. મેનેજર આનંદ પ્રકાશ બબ્બરના જણાવ્યા મુજબ એટીએમ માં રહેલા સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા મંગળવારના રોજ રાત્રે ૧૧.૩૫ કલાકે બે અજાણ્યા શખ્સો એટીએમમાં પ્રવેશતા નજરે પડે છે. એક શખ્સ નીચે બેસીને કેશ કાઢવાનો મથામણ કરતો નજરે પડે છે, જયારે બીજો કોઈ આવી ન જાય તેનું ધ્યાન રાખે છે. જો કે એટીએમનું લોક નહીં ખુલતા અને એલાર્મ વાગતા બંને શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. મેનેજરે આ અંગે કેસ લોડર કંપનીને વાત કરતા ગુરુવારે કંપનીના એન્જીનીયર આવ્યા હતા. તેઓએ એટીએમ ચેક કરતા તેમાથી કેશ ગઈ નથી તેમ જણાવ્યું હતું. બનાવ અંગે મેનેજરે ગુરુવારે રાત્રે એટીએમમાં ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

વિસનગરા નાગર પરિવાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૨૬

વિસનગરા નાગર પરિવાર દ્વારા શ્રાવણ માસ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. જેમાં શિવમહિમ્ન સ્તોત્ર, શ્રાવણમાસ અંતર્ગત ધાર્મિક પ્રવાસ તેમજ કાર્તિક માસમાં ઈનામ વિતરણ/સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિસનગરા નાગર પરિવાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રાવણમાસમાં દર સોમવાર અને રવિવાર તથા અમાસના દિવસે રાત્રે ૮.૩૦ થી ૧૦ વાગ્યા સુધી શિવ મહિમ્ન સ્ત્રોત યોજાશે.

આ ઉપરાંત જે સભ્યને પોતાના ઘરે શિવ મહિમ્ન સ્ત્રોત રાખવાની ઈચ્છા હોય તેમણે તા. ૨૮જુલાઈ સુધીમાં ભેટ રૂપે ૨૫૧ રૂપિયા આપી કૌશિકભાઈ રાવલ અને આશિષભાઈ પંડિતને નામ નોંધાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

શ્રાવણ માસમાં દીવ સોમનાથનો ત્રણ દિવસીય પ્રવાસ તા. ૧૬-૧૭-૧૮ ઓગષ્ટના દિવસે ચા, નાસ્તા ભોજન સાથે યોજાશે જે માટે એડવાન્સ નામ નોંધાવવા આશિષભાઈ પંડિત તથા કૌશિકભાઈ રાવલનો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

કાર્તિક માસ દરમિયાન તેજસ્વી તારલા સન્માન સમારંભ તથા ૭૫ વર્ષ વટાવી ચુકેલ વડીલો તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વ્યકિતની જાણ તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કરવાની રહેશે તથા તમામ માહિતીની જાણ તથા માર્કશીટની નકલ પહોંચાડવા સંસ્થાના પ્રમુખ ભાવેશભાઈ મહેતા અને મહામંત્રી કૌશિકકુમાર રાવલ દ્વારા જણાવાયું છે. દરેક બાબતની વધુ માહિતી માટે મહેશભાઈ રાવલ, ફોન નં. ૨૩૨૩૩૦૬૭, આશિષભાઈ રાવલ, મો. ૯૮૯૮૦૬૫૦૧૨ અને કૌશિકભાઈ રાવલ-ફોન-૨૩૨૮૮૪૪૮નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

@ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન લહેરીયાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન કેશાભૂષણ હિંડોળાના દર્શન થશે.

● ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક સાંજે ૪ કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે યોજાશે તથા ગાંધી ૧૫૦મી ઉજવણી સંદર્ભે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

● આજે વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ દુ.નં. ૧૨૧ કુડાસણ ખાતે વિનામૂલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પ યોજાશે.

આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા HR Conclave યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર ખાતે નામાંકિત યુનિવર્સિટીઓમાં એક છે. વિદ્યાર્થીઓના હીતને ધ્યાને લઈ કામ કરતી સંસ્થા તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટમાં સહયોગી કંપનીઓના વડા અને એચ.આર. વિભાગના મુખ્ય અધિકારીઓને એચ.આર. સમીટમાં ભાગ લેશે. આયોજિત કાર્યક્રમ ૨૭ મી જુલાઈ ૨૦૧૯ શનિવારના રોજ ગિફ્ટ સિટી ક્લબ અને બિઝનેસ સેન્ટર ખાતે યોજાશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીના વિવિધ સેન્ટર, સંશોધન પ્રોજેક્ટ્સ, સેમિનાર, વર્કશોપ, MPDs અને બીજા તાલીમ કેન્દ્રો સ્થાપવા માટે કોર્પોરેટ ક્ષેત્રો સાથે MOUs (Memroandum of Understanding) કરશે. આયોજિત કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, એલ.પી. પાડલિયા (કમિશનર ઓફ હાયર એજયુકેશન-ગર્વમેન્ટ ઓફ ગુજરાત), સવજીભાઈ ધોળકીયા (ઉદ્યોગપતિ) અને શ્રી ચંદુભાઈ પોપટભાઈ વિરાણી (ચેરમેન, બાલાજી વેફર્સ, રાજકોટ) ઉપસ્થિત રહેશે.

આયોજિત કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ કંપનીઓના હોદ્દેદારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. જેઓ પ્રથમ પેનલમાં, વિવિધ કંપનીઓના હોદ્દેદારો, સાથે મળીને ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેના તફાવત બાબતે ચર્ચા કરાશે જયારે બીજી પેનલમાં ઔદ્યોગિક ક્રાંતિ અંગેની ચર્ચા કરવામાં આવશે. બંને પેનલમાં તેઓ Human Resource Management અને ઔદ્યોગિક ક્રાંતિને લગતા તેમના અનુભવો, સિદ્ધાંતો અને જ્ઞાનની વહેંચણી કરશે. આ સાથે તેઓ કડી સર્વ વિદ્યાલયમાંથી સ્નાતક - અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓને કોર્પોરેટ ક્ષેત્રે જોબ પ્લેસમેન્ટ માટે એમઓયુ થશે.

સરગાસણની શાળાના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું

સરગાસણની રેડિઅન્ટ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા શુક્રવારે ગુડાના બગીચા સામે તેમજ શાળાની સામે ઉત્સાહી વિદ્યાર્થીઓ સાથે મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં સૂર્યા બંગલો અને સ્થાપન -૨ સોસાયટીનું યોગદાન પણ સરાહનીય રહ્યું હતું. આ પર્યાવરણ જાળવણીની સમગ્ર પ્રવૃત્તિમાં રેડિઅન્ટ સ્કૂલનાં વામજા સાહેબ અને ટી પી- ૯ વસાહતી એસોસિએશન ાં હિમ્મતભાઈ પટેલ અને જગદીશભાઈ નમેરા એ સંપૂર્ણ સહકાર પુરો પાડયો હતો તેમજ વિદ્યાર્થીઓને પર્યાવરણ માટે વૃક્ષોની જરૂરીયાત અંગે વિસ્તૃત સમજ આપી તેના વ્યવસ્થિત ઉછેર માટે સઘન પ્રયાસો કરવા જણાવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. રાજપૂત જયશ્રી રણજીતસિંહ, ઉ.વ. ૪૮
- સ્વ. વણઝારા ભાણાભાઈ પુંજાજી, ઉ.વ. ૪૩
- સ્વ. રાણા ચંદ્રાબા લક્ષ્મણસિંહ, ઉ.વ. ૬૫